અધિસુચના
શ્રી "લોકતેજ" ગુજરાતી દૈનિકમાં
તા. ૨૨-૧૨-૨૦૧૧.

અધિસુચના
લોકતેજ
તા. ૨૨-૧૨-૧૧

# સુરત મહાનગરપાલિકા

## સુરત શહેર, મોજે : ઉન વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૫૯ (ઉન) તૈયાર કરવા બાબત.

## અધિસુચના

ગુજરાત સરકાર,શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭/૧૨/૦૬ના હુકમ ક્રમાંક: યુડીએ-૧૧૨૦૦૬- ૨૭૯૫- વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ની કલમ- ૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકા ને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૫ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગર પાલિકાનિ નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૨૮/૨૦૧૧ તા. ૧૪-૧૨-૨૦૧૧ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૫૯માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ ઉન વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૫૯ (ઉન) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશા એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગર પાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ પર, સુરત મહાનગર પાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસોના દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત
તા. ૧૯-૧૨-૨૦૧૧

કમિશનર
સુરત મહાનગર પાલિકા

ઠરાવ:-

**સુરત મહાનગર પાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૧૪-૧૨-૨૦૧૧ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો:-**

મ્યુ. કમિશનરશ્રીના તા. ૧૫-૧૧-૨૦૧૧ નાં પત્ર નં. સી.મી.સ./૮/૧૮ થી વિદિત થઈ, સુચિત નગર રચના યોજના સુરત નં. ૫૯ (ઉન) તૈયાર કરવા ઈરાદો જાહેર કરવા બાબતે ફાઈલના પાના નં. ૫૯૭ પર સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં નગર રચના યોજના સુરત નં. ૫૯ (ઉન) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧ (૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, (૨) ઈરાદો જાહેર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ અધિસુચના મંજુર કરવાનું, (૩) તેને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાન પત્રોમાં એક- એક વખત પ્રસિદ્ધ કરવાનું તેમજ (૪) ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવાનું તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનુ ઠરાવવામાં આવે છે.

નં.પી આર ઓ/૫૩૦/૨૦૧-૧૨ ઠરાવ નં. ૨૮/૨૦૧૧ સર્વાનુમતે મંજૂર
તા. ૨૧/૧૨/૨૦૧૧

જાહેર નોટીસ

ગુજરાત મિત્ર તા. ૨૨-૧૨-૨૦૧૧

જાહેર નોટીસ

ગુજરાતમિત્ર
૨૨/૧૨/૨૦૧૧

## જાહેર નોટીસ

### મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૫૯ (ઉન)

નગર રચના યોજના નં. ૫૯ (ઉન)નો મુસદ્દો તૈયાર કરવા નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૨૮/૨૦૧૧, તા. ૧૪-૧૨-૨૦૧૧થી ઇરાદો જાહેર કરેલ છે. જે સંદર્ભે ઉક્ત નગર રચના યોજનાઓનો મુસદ્દો અત્રેથી તૈયાર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. સદરહુ નગર રચના યોજનામાં નીચે મુજબની જમીનોનો સમાવેશ થાય છે.

નગર રચના યોજના સુરત નં. ૫૯ (ઉન)

મોજે ઉન, બ્લોક નં. ૧ થી ૧૮૦, ૨૨૦ પૈકી, ૨૨૧ થી ૨૪૧, ૨૪૨ પૈકી, ૨૪૯ પૈકી ૨૫૦થી ૩૪૫.

નગર રચના યોજના વિસ્તારમાં સમાવિષ્ટ ઉક્ત બ્લોક નંબરોના જમીન માલિકોને નીચે મુજબના પુરાવાઓ સત્વરે અત્રેની કચેરીએ પાઠવી આપવા જણાવવામાં આવે છે.

(૧) જમીનની માલિકી અંગેના પુરાવા માટે ગામનાં ઊતારા નં. ૭-૧૨ની નકલ.

(૨) આપની જમીન અંગેના હયાત સ્થળ સ્થિતિ દર્શાવતાં નકશાનાં માપનાં આંકડા સાથેની સર્ટીફાઇડ બે નકલ (ડી.આઇ.એલ.આર.ની નકલ)

(૩) આપની જમીનમાં બાંધકામ થયેલ હોય તો તે અંગે મેળવેલ મંજૂરીની સર્ટીફાઇડ નકલ.

(૪) આપની જમીન બાબતે વિકાસ પરવાનગી મેળવેલ હોય તો તેના પ્લાનની અને રજાચિઠ્ઠીની નકલ તથા એન.એ. થયેલ હોય તો તેના હુકમની નકલ.

(૫) જમીનમાં ભાગલા થયેલ હોય તો તેના પુરાવા, ભાગલા કરાર, ભાગલાના નકશા.

આ માટે જરૂરી પુરાવાઓ રજુ કરવા જમીન માલિકોને અત્રેથી પત્રો લખવામાં આવી રહેલ છે. પરંતુ સરનામાના અભાવે કે અન્ય કોઇ કારણસર જો તેઓને ઉક્ત પત્ર ન મળે તો આ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૦ (દશ)માં ઉપર મુજબના પુરાવાઓ ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ ડિપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસ સિવાય કામકાજના સમય દરમ્યાન જે તે અધિકૃત દસ્તાવેજી પુરાવાઓ સહિત લેખિતમાં રજુ કરવા આથી જણાવવામાં આવે છે. જો પુરાવાના અભાવે નગર રચના યોજનામાં કોઇ ક્ષતિ થશે તો તેની જવાબદારી અત્રેની રહેશે નહીં, જેની નોંધ લેશો.

નં.પીઆરઓ/પ૨૯/૨૦૧૧-૧૨
તા. ૨૧/૧૨/૨૦૧૧

ડેપ્યુટી કમિશનરશ્રી (પી એન્ડ ડી)
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

## સુરત શહેર, મોજે : ઉન વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૫૯ (ઉન) તૈયાર કરવા બાબત.

## અધિસુચન

ગુજરાત સરકાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨૭/૧૨/૦૬ના હુકમ ક્રમાંક : યુડીએ-૧૧૨૦૦૬-૨૭૯૫-વ થી સુરત શહેરી વિકાસ સત્તા મંડળને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ની કલમ- ૧૨૨ હેઠળ વિકાસ નિયંત્રણોની, ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો બનાવવાની અને તેનો અમલ કરવાની તમામ સત્તાઓ સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવા આદેશ કરવામાં આવેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ (પ્રેસીડન્ટ એકટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૨૮/૨૦૧૧ તા. ૧૪-૧૨-૨૦૧૧થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૫૯માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી દર્શાવેલ ઉન વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૫૯ (ઉન) તૈયાર કરવાનો ઇરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના નોટીસ બોર્ડ ઉપર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

**સુરત**
**તા. ૧૯-૧૨-૨૦૧૧**

**કમિશનર**
**સુરત મહાનગરપાલિકા**

## ઠરાવ :-

**સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૧૪-૧૨-૨૦૧૧નાં રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-**

**XXXXXXXXX**

મ્યુ. કમિશનરશ્રીનાં તા. ૧૫-૧૧-૨૦૧૧ના પત્ર નં. સી.મી.સ./૮/૧૮થી વિદિત થઇ, સુચિત નગર રચના યોજના સુરત નં. ૫૯ (ઉન) તૈયાર કરવા ઇરાદો જાહેર કરવા બાબતે ફાઇલના પાના નં. ૫૯૭ પર સામેલ નકશામાં ગુલાબી રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારોમાં નગર રચના યોજના સુરત નં. ૫૯ (ઉન) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ની કલમ-૪૧ (૨) મુજબ ઇરાદો જાહેર કરવાનું, (૨) ઇરાદો જાહેર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ અધિસુચન મંજુર કરવાનું, (૩) તેને બહોળો ફેલાવો ધરાવતા બે સ્થાનિક દૈનિક વર્તમાનપત્રોમાં એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તેમજ (૪) ઇરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીનાં રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવાનું તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં. ૨૮/૨૦૧૧ સર્વાનુમતે મંજુર**

**નં. પીઆરઓ/૫૩૦/૨૦૧૧-૧૨**
**તા. ૨૧/૧૨/૨૦૧૧**